# પ્રસાર ભારતી

# પ્રાદેશિક સમાચાર વિભાગ, અમદાવાદ

તારીખ : 03-03-2021 બપોરે : 2.20 to 2.25

વાર : બુધવાર

આકાશવાણી અમદાવાદ, વડોદરા....પ્રાદેશિક સમાચાર **સોનલ પરમાર** વાંચે છે.

---

(ન્યૂઝ બ્રેક – આ પ્રાદેશિક સમાચાર આપ આકાશવાણી અમદાવાદ – વડોદરા પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી – અમદાવાદ – વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા)

# ગુજરાત અંદાજપત્ર-1

નાણામંત્રી નિતીનભાઈ પટેલે આજે  ગુજરાત વિધાનસભામાં 2021-22 ના નાણાંકીય વર્ષના અંદાજપત્રને રજૂ કર્યું છે.

- તેમણે સૌ પ્રથમવાર ડીજીટલ અંદાજપત્ર રજૂ કરીને પર્યાવરણીય અભિગમ અપનાવ્યો છે અને ગુજરાત બજેટ એપ પર અંદાજપત્ર રજૂ કર્યું છે  , તે દ્વારા અંદાજે 45 લાખ રૂપિયાની બચત કરી છે.
- નાણાંમંત્રીએ આગામી નાણાકીય વર્ષ 2021-22 દરમિયાન 2 કરોડ 27 લાખ રૂપિયાના ખર્ચનો અંદાજો આજે વિધાનસભામાં રજૂ કર્યો છે. તે અનુસાર 32 હજાર કરોડ શિક્ષણ પાછળ , 11 હજાર કરોડ આરોગ્ય પાછળ , 13 હજાર કરોડ ઊર્જા અને પ્રેટોકેમિકલ તથા 11 હજાર કરોડ માર્ગ અને મકાન વિભાગ માટે જોગવાઈ કરી છે.
- અંદાજપત્રમાં અમદાવાદ- મુંબઈ બુલેટ ટ્રેન પ્રોજેક્ટ માટે 1500 કરોડ , પ્રાકૃતિક ખેતી માટે 10 કરોડ , આદિજાતી વિકાસ માટે 11 હજાર 349 કરોડ , અને મહિલા વિકાસ માટે સાડા ત્રણ હજાર કરોડની જોગવાઈ કરી છે.
- નાણામંત્રીએ જણાવ્યું છે કે , કોરોનાના કારણે આવકમાં 40 ટકા ઘટાડો થયો છે,  તેમ છતાં નવા કરવેરાની કોઈ જોગવાઈ કરી નથી અને 587 કરોડ રૂપિયાની પુરાંત દર્શાવી છે.
- અંદાજપત્રમાં ગૃહ વિભાગ માટે 7 હજાર 960 કરોડ સોમનાથ , અંબાજી, દ્વારકા, સાપુતારા અને ગીર ખાતે હેલીપોર્ટ વિકસાવવા દરખાસ્ત મૂકી છે.
- ગીફ્ટ સીટી માટે 100 કરોડ રૂપિયા, અમદાવાદ – ગાંધીનગર સુરત મેટ્રો માટે 568 કરોડની જોગવાઈ કરી છે.

નાણાંમંત્રીએ ગુજરાતમાં બે મેગા ટેક્સટાઈલ પાર્ક, મેડીકલ ડીવાઈસ, ઈન્ડસ્ટ્રીયલ પાર્ક, જંબુસરમાં બલ્ક ડ્રક ઈન્ડીસ્ટ્રીટલ માર્કની જોગવાઈ કરી છે.

- સોલર રૂફટોપ માટે ૪00 કરોડ રૂપિયાની જોગવાઈ કરી છે અને તે દ્વારા ૩ લાખ ઘરોને સહાય આપવામાં આવશે.

# અંદાજપત્રની જોગવાઇઓ

નાણામંત્રી નીતિન પટેલે જણાવ્યું કે હવે આપણે ધીમે ધીમે કોરોનાની મહાબિમારીથી બહાર આવી રહ્યા છીએ. સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં જનતાએ સરકારની નીતિઓને સહયોગ આપ્યો છે. તેમણે કહ્યું કે અમદાવાદની સિવિલ હોસ્પિટલનું અપગ્રેડેશન કરાશે અને તેની પાછળ 87 કરોડ રૂપિયાની જોગવાઈ કરવામાં આવી છે. આ ઉપરાંત ગુજરાતની ઐતિહાસિક સ્કૂલોને હેરિટેજ સ્કૂલ તરીકે જાહેર કરાશે. આગામી 5 વર્ષમાં સરકારી કચેરી બોર્ડ કોર્પોરેશનમાં બે લાખ યુવાનોની ભરતી થશે. નવલખી બંદર ખાતે 192 કરોડના ખર્ચ નવી જેટ્ટી બનાવાશે. નારગોલ અને ભાવનગર બંદર 4800 કરોડ રૂપિયાના ખર્ચે વિકસાવાશે. સિરામીક ઉદ્યોગનાં કેન્દ્રો સમા મોરબી , હળવદ , જેતપુર , મોરબી અણીયાળી અને ધાટીલાનો 70 કિ.મીનો રસ્તો ચાર માર્ગી કરાશે.

આ ઉપરાંત સૌરાષ્ટ્રમાં 675 કરોડ રૂપિયાના ખર્ચે પીવાના પાણી માટે 143 કિલોમીટરની બલ્ક પાઈપ લાઈન નખાશે. રાજકોટમાં પીપીપી ધોરણે નવું બસ સ્ટેશન અને અન્ય સ્થળો 6 નવા બસ સ્ટેન્ડ બનશે. તેના માટે 100 કરોડની જોગવાઈ કરવામાં આવી છે. તમામ ગ્રામ પંચાયતોના વોટરવર્ક્સ માટે વિના મુલ્યે વીજળી પૂરી પાડવા 734 કરોડની જોગવાઈ કરી છે. ઈ-રિક્ષા દીઠ 40 હજારની સબસીડી અપાશે એવી જાહેરાત નાણા મંત્રીએ કરી છે. **નાણા મંત્રીએ**

**ધારાસભ્યોને અપાતી ગ્રાન્ટ ફરીથી શરૂ કરી છે , જે** કોરોનાના કારણે સરકારે મોકૂફ રાખી હતી. વિસ્તારના વિકાસ માટે અપાતી ગ્રાન્ટ ચાલુ થઇ છે.

**અંદાજપત્રમાં ગૃહ વિભાગ માટે 7 હજાર 960 કરોડની જોગવાઈ કરી છે.** ગૃહ વિભાગમાં નવી 3020 જગ્યા ઊભી કરાશે, સરહદી વિસ્તાર વિકાસ માટે. 30 કરોડ, પોલીસ આધુનિકીકરણ માટે 26 કરોડ, સુરત શહેરમાં 4 પોલીસ સ્ટેશનમાં 300 જગ્યા, કમાન્ડો તાલીમ સેન્ટર માટે 20 કરોડ અને 10 કરોડના ખર્ચે 100 નવી PCR વાન ખરીદાશે એવી જોગવાઈ જાહેર કરી છે.

ન્યાય સહાયક પ્રયોગશાળા માટે 14 કરોડ, SRPFમાં નવી વિશેષ બટાલીયનની રચના કરાશે , રાજ્ય હસ્તકના એરપોર્ટ , એરોડ્રોમની સુરક્ષા માટે નિર્ણય કરાયો છે , અને વોટરડ્રોમ , હેલીપેડને સુરક્ષા પુરી પાડવા બટાલીયન રચાશે.

અંદાજપત્રમાં **કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ માટે 7 હજાર 232 કરોડની જોગવાઈ કરી છે.** 4 લાખ ખેડૂતોને બિયારણ અને અનાજ સંગ્રહ માટે એક ડ્રમ અને પ્લાસ્ટિકના બે ટબ વિના મૂલ્યે આપવા 87 કરોડની જોગવાઈ કરી છે. ફૂડ પ્રોસેસિંગ માટે એકમ દીઠ 10 લાખ રૂપિયાની સહાય માટે 82 કરોડની જોગવાઈ, બીજ ઉત્પાદક ખેડૂતો માટે ગુજરાત રાજ્ય બીજ નિગમ દ્વારા ફાઉન્ડેશન તેમજ સર્ટિફાઈટ બીજ ઉત્પાદન માટે સહાય આપવા 55 કરોડની જોગવાઈ કરી છે.

ડાંગ જિલ્લાને સંપુર્ણ રસાયણમુક્ત ખેતી કરતો જિલ્લો બનાવવા પ્રાકૃતિક ખેતી કરતાં ખેડૂતોને પ્રોત્સાહિત કરવા પ્રથમ વર્ષે 10 હજાર તથા બીજા વર્ષે 6 હજાર રૂપિયાની સહાયની યોજના માટે 32 કરોડની જોગવાઈ કરી છે. ઓર્ગેનિક તેમજ પ્રાકૃતિક ખેતી આધારિત ફળો અને શાકભાજીના ઉપ્તાદનોનું સીધું વેચાણ રાજ્યના ખેડૂતો દ્વારા અમદાવાદ , વડોદરા, સુરત અને રાજકોટના શહેરીવિસ્તાર માટેની ઓર્ગેનિક એગ્રિકલ્ચર માર્કેટ યોજના માટે 20 કરોડ રૂપિયાની જોગવાઈ તથા ખેડૂતોને હવામાન આધારિત માર્ગદર્શન સમયસર મળે તે હેતુથી 1800

ઓટોમેટિક વેધર સ્ટેશનની સ્થાપના માટે 12 કરોડની જોગવાઈ કરી છે. રોગ-જીવાતના સમયસર સર્વે થકી ઉપદ્રવની જાણકારી મેળવી તેના અસરકારક નિયંત્રણ માટે પ્રાયોગિક ધોરણે રાજ્યના 10 જિલ્લામાં મોબાઈલ ક્રોપ ક્લિનિક માટે 2 કરોડ રૂપિયાની જોગવાઈ કરી છે.

અંદાજપત્રમાં બાગાયત ખેતીની યોજનાઓ માટે 442 કરોડની જોગવાઈ કરી છે. બિનઉપજાઉ સરકારી પડતર જમીનને બાગાયતી અને ઔષધિય પાકોની ખેતી માટે બાગાયત વિકાસ મિશનની જાહેરાત કરી છે અને પ્રથમ તબક્કામાં કચ્છ , સુરેન્દ્રનગર, પાટણ, સાબરકાંઠા અને બનાસકાંઠાની 50 હજાર એકર ખરાબાની બિનઉપજાઉ જમીન ઉપજાઉ બનાવવા ભાડાપટ્ટે આપવામાં આવશે. જેનાથી 2 લાખ ટન બાગાયતી પાકોનું ઉત્પાદન અને પ્રોસેસિંગની તકો ઉભી થશે. આ યોજના માટે 100 કરોડ રૂપિયાની જોગવાઈ કરી છે. નર્સરીઓ અને સેન્ટર ફોર એક્સલેન્સના સદઢીકરણ તેમજ અર્બન હોર્ટિકલ્ચર ડેવલોપમેન્ટ કેન્દ્રોમાં તાલીમ આપવા માટે 2 કરોડની જોગવાઈ કરી છે.

પશુપાલન વિભાગ માટે ડેરી ફાર્મની સ્થાપના , બકરાં એકમની સ્થાપના માટે 81 કરોડ રૂપિયાની જોગવાઈ , 10 ગામ દીઠ 1 ફરતાં પશુ દવાખાનાની સેવાઓ માટે 43 કરોડ રૂપિયાની જોગવાઈ , ગૌ સેવા અને ગૌચર વિકાસ બોર્ડ માટે 25 કરોડ રૂપિયાની જોગવાઈ, મુખ્યમંત્રી નિઃશુલ્ક પશુ સારવાર યોજના માટે 20 કરોડ રૂપિયાની જોગવાઈ, પશુઓ માટે દાણ ખરીદીની સહાય માટે 20 કરોડ રૂપિયાની જોગવાઈ

કરુણા એનિમલ એમ્બ્યુલન્સ-1962 માટે 7 કરોડની જોગવાઈ, દૂધાળા ગીર-કાંકરેજ ગાયોના પશુના ફાર્મની સ્થાપના અને દૂધ અને દૂધની બનાવટોનું વેચાણ દ્વારા સ્વરોજગારી ઉભી કરવાની યોજના માટે 3 કરોડ રૂપિયાની જોગવાઈ કરી છે.

રાજ્ય કૃષિ યુનિવર્સિટીઓ હસ્તક કૃષિ સંશોધન અને શિક્ષણના કાર્યક્રમોનો સઘન બનાવવા માટે 698 કરોડ રૂપિયાની જોગવાઈ કરી છે. કામધેનુ યુનિવર્સિટી

હસ્તક સંશોધન અને શિક્ષણના કાર્યક્રમોને સઘન બનાવવા માટે 137 કરોડની જોગવાઈ કરી છે.

મત્સ્યોદ્યોગ માટે દરિયાઈ વિસ્તારના 10 હજાર માછીમારોને હાઈસ્પીડ ડીઝલ ઓઈલ પરની વેટ માફી યોજનાનો લાભ આપવા માટે 150 કરોડની જોગવાઈ, નવાબંદર, માઢવાડ, વેરાવળ, પોરબંદર અને સુત્રાપાડા મત્સ્ય બંદરોનો વિકાસ તથા કુદરતી આફતો સામે બોટ પાર્કિંગ સુવિધાઓ , મત્સ્ય પકડાશના સ્વસ્છ અને ગુણવત્તાયુક્ત ઉત્પાદન માટે જરૂરી માળખાકીય સુવિધાઓ માટે 97 કરોડની જોગવાઈ, માછીમારોને ઓ.બી.એમ મશીનની ખરીદી પર સહાય માટે 15 કરોડોની જોગવાઈ, ચોરવાડ અને ઉમરસાડી વિસ્તારમાં ઉતરાણ માટે ફ્લોટીંગ જેટી બનાવવા 5 કરોડની જોગવાઈ માછીમારોને જમ્બો પ્લાસ્ટિક ક્રેટ તથા મેન્યુઅલ મટિરિયલ હેન્ડલિંગ સ્ટેકર ખરીદી પર સહાય માટે 3 કરોડોની જોગવાઈ, જળાશયોમાં કેજ કલ્ચરથી મત્સ્ય ઉત્પાદનમાં વધારો કરવા સહાય માટેની યોજના હેઠળ 2 કરોડની જોગવાઈ કરી છે. ખરીદ વેચાણ અને સંગ્રહ વ્યવસ્થા યોજના હેઠળ 78 કરોડની જોગવાઈ, તાલુકા અને જિલ્લાની સહકારી ખરીદ વેચાણ સંઘોના વિવિધ પ્રોજેક્ટ માટે 50 ટકા કેપિટલ સહાયની યોજના હેઠળ 6 કરોડની જોગવાઈ કરી છે.

જળસંપત્તિ વિભાગ માટે 5494 કરોડ રૂપિયાની જોગવાઈ કરી છે. સૌની યોજનાના ત્રીજા તબક્કા માટે 1071 કરોડ રૂપિયાની જોગવાઈ, અટલ ભુજ યોજના હેઠળ 5 વર્ષના સમયગાળા માટે 757 કરોડ રૂપિયાની જોગવાઈ, ચેકડેમ, તળાવો ઊંડા કરવા અને નવા બનાવવા જળસંચય યોજનાઓના કામો માટે 312 કરોડ રૂપિયાની જોગવાઈ, થરાદથી સીપુ ડેમ સુધીની પાઈલપલાઈનની યોજના માટે 226 કરોડની જોગવાઈ, સાબરમતી નદી પર હિરપુરા અને વલસાણા બેરેજના કામ માટે વધુ 50 કરોડની જોગવાઈ , સુજલામ સુફલામ યોજના હેઠળ પાઈપલાઈનથી 295 તળાવોમાં પાણી આપવા માટે 10 કરોડ રૂપિયાની જોગવાઈ

કરી છે. રાજ્યની વિવિધ યુનિવર્સિટી ખાતે પીએચડી ડિગ્રી માટે સંશોધન કરતા વિદ્યાર્થીઓ માટે 20 કરોડની જોગવાઈ કરી છે.